(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (૧૦)**

૧. અતિથિ સંવિભાગ એટલે શું?

**જ. ગૃહસ્થીના પોતાના ઉપયોગમાં લેવાતા હોય તેવા આહાર આદિ ૧૪ પ્રકારની વસ્તુઓ, જેના આવવાની કોઈ તિથિ કે સમય નક્કી ન હોય તેવા પંચ મહાવ્રતધારી સાધુઓને ફક્ત આત્મકલ્યાણની ભાવનાથી વહોરાવવું, તેને અતિથિ સંવિભાગ વ્રત કહે છે.**

૨. લોગસ્સ અને નમોત્થુણંમાં શું ફરક છે?

**જ. લોગસ્સમાં તીર્થંકરોની નામ સ્તુતિ છે. લોગસ્સ કાવ્યમય છે. જ્યારે નમોત્થુણંમાં અરિહંત, સિદ્ધની ગુણ સ્તુતિ અને ગુણ સ્મરણ છે. નમોત્થુણં પાઠમય છે.**

૩. ગુરુવંદનાના પ્રકાર કેટલા છે? કયા કયા? મધ્યમ વંદના કેવી રીતે કરવી જોઈએ?

**જ. ગુરુવંદનના ત્રણ પ્રકાર છે. જઘન્ય વંદના, મધ્યમ વંદના, ઉત્કૃષ્ટ વંદના. મધ્યમ વંદના – પંચાંગ બે હાથ, બે પગ, એક મસ્તક નમાવીને તિક્ખુત્તોના પાઠથી ત્રણ વાર કરાય છે.**

૪. જિનમાર્ગને અન્યમાર્ગ માને તે મિથ્યાત્વ કઈ રીતે લાગે?

**જ. સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર અને સમ્યગ્ તપને ધર્મ ન માનવો. સંવર, નિર્જરા, દાન, શીયળ, તપ, ભાવ વગેરેને સંસારનો માર્ગ સમજવો.**

૫. ચોથા શ્રમણસૂત્રમાં ૧ થી ૩ બોલમાં જાણવાના, આદરવાના અને છોડવાના કેટલા? કયા કયા?

**જ. પહેલા બોલમાં અસંયમ છોડવા યોગ્ય, બીજા બોલમાં રાગ–દ્વેષ છોડવા યોગ્ય, ત્રીજા બોલમાં દંડ, શલ્ય, ગર્વ, વિરાધના છોડવા યોગ્ય અને ગુપ્તિ આદરવા યોગ્ય છે. જાણવાના બધા છે.**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. આસ્રવ કેટલા છે? કયા? કયા? ઓઘ બંધ એટલે શું? તેમાં કયા કર્મની કેટલી પ્રકૃતિઓ છે? (૪)

**જ. આસ્રવ પાંચ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગ. ઓઘ બંધ એટલે ગુણસ્થાન કે જીવાદિની વિવક્ષા કર્યા વિના સામાન્યથી બંધને લાયક ૧૨૦ કર્મ પ્રકૃતિનું કહેવું. જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની નવ, વેદનીયની બે, મોહનીયની છવ્વીસ, આયુષ્યની ચાર, નામની સડસઠ, ગોત્રની બે, અંતરાયની પાંચ એમ કુલ ૧૨૦ પ્રકૃતિ બંધમાં છે.**

૨. ત્રીજા ગુણસ્થાનના છેડે કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે? (૧)

**જ. ત્રીજા ગુણસ્થાનના છેડે એક પણ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થતો નથી.**

**(૨) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે? (૫)**

૧. જિનનામ  ૨. શ્રુતજ્ઞાનાવરણીય  ૩. નિદ્રા  ૪. યશોકીર્તિ  ૫. ઉદ્યોત નામ

| જ. | બંધ | બંધ વિચ્છેદ |
|---|---|---|
| ૧. જિનનામ | **૪ થી ૮ માના છટ્ઠા ભાગ સુધી** | **૮ માના છટ્ઠા ભાગના છેડે** |
| ૨. શ્રુતજ્ઞાનાવરણીય | **૧૦ મા ગુણસ્થાન સુધી** | **૧૦ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. નિદ્રા | **૮ મા ગુણસ્થાન પહેલા ભાગ સુધી** | **૮ મા ગુણસ્થાનના પહેલા ભાગના છેડે** |
| ૪. યશોકીર્તિ | **૧૦ મા ગુણસ્થાન સુધી** | **૧૦ મા ગુણસ્થાનના છેડે** |
| ૫. ઉદ્યોત નામ | **૨ જા ગુણસ્થાન સુધી** | **૨ જા ગુણસ્થાનના છેડે** |

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અત્થિ મે આયા ઉવવાઈએ નત્થિ મે આયા ઉવવાઈએ કે અહં આસી? કે ઈઓ ચુઓ ઈહ પેચ્ચા ભવિસ્સામિ આ ગાથાનો ભાવાર્થ લખો. (૩)

**જ. આ પ્રકારે કેટલાક પ્રાણીઓને એ ખબર નથી હોતી કે મારો આત્મા જુદી જુદી ગતિઓમાં ઉત્પન્ન થયો છે અને થશે કે નહિ? હું પૂર્વજન્મમાં કોણ હતો? હું અહીંથી નીકળીને આ શરીરથી છૂટીને બીજા જન્મમાં શું બનીશ?**

૨. શેમાં હીનતા નથી? શેની સ્પૃહા કરવાની નથી? શા માટે? (૨)

**જ. નીચ ગોત્રમાં હીનતા નથી અને ઉચ્ચ ગોત્રની સ્પૃહા કરવાની નથી કારણ કે આ જીવે અનેકવાર ઉચ્ચ ગોત્ર અને અનેકવાર નીચ ગોત્રમાં જન્મ લઈ લીધો છે.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. બીજી સુખશય્યા કઈ છે? (૨×૩)

**જ. જેમ કે કોઈ પુરુષ મુંડિત યાવત્ પ્રવ્રજિત થઈને પોતાના લાભથી સંતુષ્ટ રહે છે. બીજાના લાભની આશા કરતો નથી, ઈચ્છા કરતો નથી, અભિલાષા કરતો નથી. આ પ્રમાણે બીજા તરફથી લાભની આશા ન કરતો થકો યાવત્ અભિલાષા ન કરતો થકો મનને ઊંચું–નીચું કરતો નથી. આ કારણે સંસાર ભ્રષ્ટ નથી કરતો અને સંસાર પરિભ્રમણ નથી કરતો.**

૨. ત્રીજી અંતક્રિયા લખો.

**જ. યથા કોઈ ભારે કર્મી જીવ ભવાંતરથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે. તે મુંડિત થઈને ગૃહસ્થાવાસ છોડીને પ્રવ્રજ્યા અંગીકાર કરે છે યાવત્ તેને તથા પ્રકારની વેદના થાય છે. માત્ર વિશેષતા એ છે કે આવો પુરુષ દીર્ઘ સમયની પ્રવ્રજ્યા પાળીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે યાવત્ સર્વ દુ:ખોનો અંત કરે છે. જેમ કે સનતકુમાર ચક્રવર્તી.**

૩. લોક ઉદ્યોતના કારણો કયા છે? (૨×૨)

**જ. ૧) તીર્થંકર ભગવાનનો જન્મ થવાથી ૨) તીર્થંકર ભગવાનની દીક્ષા સમયે ૩) તીર્થંકર ભગ.ને કેવળજ્ઞાન થાય ત્યારે દેવો દ્વારા કરેલા કેવળજ્ઞાનના મહોત્સવ સમયે ૪) તીર્થંકર ભગવાનના નિર્વાણ સમયે.**

૪. કયા ચાર સ્થાન સમાન કહ્યા છે?

**જ. સાતમી નરકનો અપ્રિષ્ઠાન નામક નરકાવાસ, જંબૂદ્વીપ, સૌધર્મેન્દ્રનું જવા આવવા માટેનું પાલક વિમાન, સર્વાર્થસિદ્ધ નામક અનુત્તર વિમાન. તે બધા એક લાખ યોજનના છે.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અદીનશત્રુ રાજા કોણ હતા? ચિત્રકારે અદીનશત્રુ રાજાને શું કહ્યું?

**જ. અદીનશત્રુ રાજા વસુનો જીવ હતો. ચિત્રકારે અદીનશત્રુ રાજાને કહ્યું કે હે સ્વામિન્ ! આ ચિત્રમાં હું કિંચિત્ માત્રામાં જ હું તેના આકાર, ભાવ આદિ ચિત્રિત કરી શક્યો છું. શ્રેષ્ઠ કુમારી મલ્લિનું હૂબહુ રૂપ તો દેવાદિ પણ ચિત્રિત કરવા સમર્થ નથી.**

૨. મલ્લિકુમારીના માતા–પિતા–ભાઈનું નામ લખો. તેમનો જન્મ ક્યારે થયો?

**જ. મલ્લિકુમારીના માતા–પ્રભાવતી રાણી, પિતા–કુંભ રાજા, ભાઈ– મલ્લિદિન્નકુમાર. તેમનો જન્મ માગશર સુદ અગિયારસના દિવસે મધ્યરાત્રિએ કોઇપણ બાધા–પીડા વિના થયો.**

૩. મલ્લિનાથ ભગવાનને કેવળજ્ઞાન ક્યાં, કેવી રીતે અને ક્યારે થયું?

**જ. મલ્લિનાથ ભગવાનને કેવળજ્ઞાન અશોકવૃક્ષની નીચે પૃથ્વી શિલાપટ્ટકની ઉપર બિરાજમાન હતા ત્યારે ૪ ઘાતી કર્મનો ક્ષય થતા થયું. જે દિવસે દીક્ષા અંગીકાર કરી તે જ દિવસે થયું.**

૪. મલ્લિકુમારીએ પોતાની સમાન પ્રતિમા બનાવીને શું કર્યું?

**જ. મલ્લિકુમારીએ પોતાની સમાન પ્રતિમા બનાવીને પોતે જે અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યનું ભોજન કરતા તે મનોજ્ઞ આહારમાંથી પ્રતિદિન એકેક કવલ તે મસ્તક ઉપરના છિદ્રમાંથી અંદર નાંખતા હતા.**

૫. પિશાચે અર્હન્નક શ્રાવકને શું ધમકી આપી અને ક્રોધિત થઈને તેણે શું કર્યું?

**જ. પિશાચે અર્હન્નક શ્રાવકને શીલવ્રત, અણુવ્રત, ગુણવ્રત આદિનો પરિત્યાગ કરવા કહ્યું. ક્રોધિત થઈને તેણે તે**

**વહાણને બે આંગળીઓથી પકડીને સાત–આઠ મજલા જેટલી ઊંચાઈએ આકાશમાં લઈ ગયો.**

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કોણિક ગર્ભમાં હતો ત્યારે ચેલ્લણા દેવીને શું વિચાર આવ્યો હતો?

**જ. કોણિક ગર્ભમાં હતો ત્યારે ચેલ્લણા દેવીને વિચાર આવ્યો કે આ બાળકે ઘરમાં આવતા જ પોતાના પિતાના કલેજાનું માંસ ખાધું છે, તેથી આ ગર્ભને નષ્ટ કરી દેવો, પાડી દેવો, ગાળી દેવો અને વિધ્વંસ્ત કરી દેવો એ જ મારા માટે શ્રેયસ્કર થશે.**

૨. કાલકુમાર વર્તમાને ક્યાં છે? તેમનું ભવિષ્ય શું છે?

**જ. કાલકુમાર વર્તમાને ચોથી પંકપ્રભા પૃથ્વીના હેમાભ નામના નરકાવાસમાં છે. ચોથી નરક પૃથ્વીથી નીકળી મહાવિદેહ ક્ષેત્રના આર્યકુળમાં જન્મ લેશે અને દઢ પ્રતિજ્ઞની જેમ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે.**

૩. પહેલીવાર ચેટક રાજા પાસે જઈને કોણિકના દૂતે શું કીધું?

**જ. હે સ્વામિન્ ! કોણિક રાજા વિનંતી કરે છે કે વેહલ્લકુમાર કોણિક રાજાને જણાવ્યા વગર જ સેચનક ગંધહસ્તી અને ૧૮ સેરનો હાર લઈને અહીં આવી ગયા છે. આથી આપ કોણિક રાજા પર અનુગ્રહ કરીને સેચનક ગંધ હસ્તી અને ૧૮ સેરનો હાર કોણિક રાજાને પરત મોકલી દો. વેહલ્લ કુમારને પણ મોકલી દો.**

૪. કાલી દેવીએ ભગવાન મહાવીર સ્વામીને શું કહ્યું?

**જ. કાલી દેવીએ ભગવાન મહાવીર સ્વામીને કહ્યું કે હે ભગવાન ! મારો પુત્ર કાલકુમાર ૩૦૦૦ હાથીઓની સાથે રથમૂસલ સંગ્રામમાં જવા પ્રવૃત્ત થયો છે, તો હે ભગવાન તે વિજયી થશે કે નહિ? યાવત્ શું હું કાલકુમારને જીવિત જોઈશ?**

૫. શ્રેણિકે પોતાના પુત્રનું નામ શું પાડ્યું? શા માટે?

**જ. શ્રેણિકે પોતાના પુત્રનું નામ કોણિક પાડ્યું કારણ કે બાળકને એકાંત ઉકરડામાં ફેંકવાથી તેની આંગળીનો અગ્ર ભાગ કુકકુટ એટલે કે કૂકડાની ચાંચથી ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. આ રીતે બાળકનું ગુણનિષ્પન્ન નામ પાડ્યું.**

**(૨૦)**

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દેવે ચૂલણીપિતાની માતાને મારવાની વાત કરી ત્યારે ચુલણીપિતાએ શું વિચાર્યું? (૪)

**જ. અહો ! આ પુરુષ નિશ્ચય જ અનાર્ય બુદ્ધિવાળો, નીચતાપૂર્ણ પાપ કરવાવાળો છે, જેણે મારા જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લાવીને મારી સામે મારી નાંખ્યો. એના રક્તમાંસને મારા શરીર પર છાંટ્યા. તે જ પ્રમાણે મારા વચલા અને નાના પુત્રને મારી નાંખ્યા. હવે આ દેવ અને ગુરુ સદશ મારી પૂજનીય અત્યંત દુષ્કર કામ કરવાવાળી મારી માતા ભદ્રા સાર્થવાહીને પણ ઘરેથી લાવીને મારી સામે મારવા ઈચ્છે છે,એટલે એ જ શ્રેષ્ઠ છે કે હું આ પુરુષને પકડી લઉં.**

૨. ચૂલણીપિતાની પત્નીનું નામ શું હતું? તેમની ધન–સંપત્તિનું વર્ણન કરો. (૨×૩)

**જ. ચૂલણીપિતાની પત્નીનું નામ શામા હતું. ચૂલણીપિતા ઋદ્ધિસંપન્ન યાવત્ અપરાભૂત હતા. તેમની પાસે ૮ કરોડનું ધન નિધાનના રૂપમાં, ૮ કરોડ વ્યાપારમાં અને ૮ કરોડની ઘરવખરી હતી. ૧૦૦૦૦ ગાયોનું એક વ્રજ એવા આઠ વ્રજ હતા.**

૩. દેવે ચૂલણીપિતાના પહેલા પુત્ર સાથે શું કર્યું?

**જ. ચૂલણીપિતાના જ્યેષ્ઠ પુત્રને ઘરેથી લાવીને તેની સમક્ષ મારી નાંખ્યો. મારીને તેના ત્રણ ટુકડા કર્યા. ટુકડા કરીને ઉકળતી તેલની કડાઈમાં નાંખીને માંસના ટુકડાને તળ્યા અને અસહ્ય ગરમ માંસ અને રક્તથી ચૂલણીપિતાના શરીરને સિંચન કર્યું.**

૪. ચૂલણીપિતાને નીડર જોઈને બીજી વાર દેવે શું કહ્યું?

**જ. ચૂલણીપિતાને નીડર જોઈને બીજી વાર દેવે કહ્યું કે મોતને ઈચ્છવાવાળા ચૂલણીપિતા ! જો તું તારા વ્રતનો**

ભંગ નહિ કરે તો હું તારા વચલા પુત્રને ઘરેથી ઊંચકીને લઈ આવીશ અને તારા મોટા પુત્રની જેમ તારી સામે મારી નાંખીશ.

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. છ સહોદર ભાઈના વક્ષસ્થળ અને શરીરની કાંતિ કેવી હતી?

**જ. છ સહોદર ભાઈના વક્ષસ્થળ શ્રી વત્સ નામના ચિહ્નથી અંકિત હતી. તેમના શરીરની કાંતિ નીલકમળ, ભેંસના શીંગના આંતરિક ભાગ અને ગુલીના રંગની સમાન તથા અળશીના ફૂલની જેમ નીલા રંગવાળી હતી.**

૨. દેવકીએ ત્રીજા સંઘાડાને ગોચરી વહોરાવીને શું કહ્યું?

**જ. હે ભગવાન ! કૃષ્ણ વાસેદેવ જેવા મહાપ્રતાપી રાજાની ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી સ્વર્ગલોક જેવી દ્વારિકા નગરીના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં સામુદાયિક ભિક્ષા માટે વિચરતા મુનિઓને આહાર પાણી નથી મળતા શું? તેથી એક જ કુળમાં વારંવાર આવવું પડે છે?**

૩. કૃષ્ણ વાસુદેવે દેવકીને કેવી રીતે ધૈર્ય બંધાવ્યું?

**જ. હે માતા ! હવે તમે આર્ત્તધ્યાન ન કરો. હું એવો પ્રયત્ન કરીશ કે જેનાથી મારો એક સહોદર નાનો ભાઈ ઉત્પન્ન થશે. એમ કહીને અભિલાષિત પ્રિય અને મધુર વચનોથી માતાને વિશ્વાસ અને ધૈર્ય બંધાવ્યું.**

૪. ગજસુકુમારે ચોથા પ્રહરે ભગવાન અરિષ્ટનેમિને શું કહ્યું?

**જ. ગજસુકુમારે ચોથા પ્રહરે ભગવાન અરિષ્ટનેમિને કહ્યું કે હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો મારી ઈચ્છા છે કે મહાકાલ સ્મશાનમાં જઈને એક રાત્રિની મહા પ્રતિમા સ્વીકાર કરવા અર્થાત્ સંપૂર્ણ શીઘ્ર ધ્યાનસ્થ થઈ ઊભો રહેવા માંગું છું.**

૫. ગજસુકુમાર મુનિએ કેવળજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું?

**જ. શુભ પરિણામ તથા શુભ અધ્યવસાયોથી તથા આત્માના ગુણોને ઘાત કરવાવાળા કર્મોનો નાશ થવાથી તેમને અપૂર્વકરણમાં પ્રવેશ કર્યો. તેનાથી તેમને અનંત, અનુત્તર, મિથ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.**

(૧૫)

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. જે યાવિ ણાગં ડહરં તિ **નચ્ચા, આસાયણે સે અહિયાય હોઇ ।**

**એવાયરિયં પિ હુ હીલયંતો, નિયચ્છઈ જાઈપહં ખુ** મંદો ।।

**અર્થ : જે કોઇ મૂર્ખ પુરુષ આ નાનો છે તેમ માનીને નાગને છંછેડે (હેરાન) છે, તો તે નાગ હેરાન કરનાર માટે અહિતકારી બને છે, અર્થાત્ તેને કરડે છે, તેમ આચાર્ય મહારાજની હીલના કરનારા મંદબુદ્ધિ શિષ્ય એકેન્દ્રિયાદિ જાતિમાં અર્થાત્ અનંત જન્મ–મરણરૂપી સંસારચક્રમાં ફસાઈ જાય છે.**

૨. લજ્જા **દયા સંજમ બંભચેરં, કલ્લાણભાગિસ્સ વિસોહિઠાણં ।**

**જે મે ગુરુ સયયમણુસાસયંતિ, તેઽહં ગુરૂં સયયં** પૂયયામિ ।।

**અર્થ : અધર્મ પ્રત્યે દયા–અનુકંપા, સંયમ અને બ્રહ્મચર્ય આ ચારે પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છનાર મુનિને માટે વિશુદ્ધિના સ્થાન છે, તેથી શિષ્યએ એવી ભાવના રાખવી જોઇએ કે ગુરુ મહારાજ મને હંમેશાં હિતશિક્ષા આપે છે, તે ગુરુદેવની હું હંમેશાં વિનયભક્તિ કરું.**

૩. અભિગમ**ચઉરો સમાહિઓ, સુવિસુદ્ધો સુસમાહિઅપ્પઓ ।**

**વિઉલહિયં સુહાવહં પુણો, કુવ્વઇ ય સો પયખેમ**મપ્પણો ।।

**અર્થ : નિર્મળ ચિત્તવાળા, પોતાના આત્માને સંયમમાં સ્થિર રાખનાર તે મુનિ ચારે પ્રકારની સમાધિના સ્વરૂપને જાણીને, પોતાના આત્મા માટે પૂર્ણ હિતકારી અનેસુખકારી, પુનઃ કલ્યાણકારી નિર્વાણ પદ પ્રાપ્ત કરાવે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. ચાર ગતિરૂપ સંસારમાં ગોથા કોણ ખાય છે?

**જ. જે મનુષ્ય ક્રોધી, અભિમાની, કઠોર તથા અહિતકારી વચનો બોલનારા, કપટી, ધૂર્ત અને અવિનીત હોય તે ચાર ગતિરૂપ સંસારમાં ગોથા ખાય છે.**

૨. વૃક્ષની જેમ કોણ વધે છે?

**જ. જે શિષ્ય આચાર્ય અને ઉપાધ્યાયોની સુશ્રૂષા કરે છે અને તેમની આજ્ઞાઓનું પાલન કરે છે, તેમનું શિક્ષણ પાણીથી સિંચેલા વૃક્ષની જેમ વધે છે.**

૩. સાધુનો ધર્મ શું છે? શું સમભાવે સહન કરવાનું છે?

**જ. ક્ષમા રાખવી એ સાધુનો ધર્મ છે. કઠોર વચનરૂપી બાણને સમભાવે સહન કરવાના છે.**

**(૧૦)**

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૮ આત્મામાં વધારે આત્મા કયા? શા માટે?

**જ. ૮ આત્મામાં વધારે આત્મા ઉપયોગ આત્મા, દ્રવ્ય આત્મા અને દર્શન આત્મા કારણ કે તેમાં સિદ્ધ અને સંસારી સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે.**

૨. ત્રીજી જાગરિકા કઈ છે? તેનું સ્વરૂપ સમજાવો.

**જ. સુદક્ખુ જાગરિકા – સુ કહેતા ભલી અને દક્ખુ કહેતા ચતુરાઈવાળી જાગરિકા. એ જાગરિકા શ્રાવકને હોય છે કેમ કે સમ્યગ્ જ્ઞાન–દર્શન સહિત કુટુંબાદિક તથા વિષય–કષાયને ખોટા જાણે છે, દેશથી નિવર્ત્યા છે, ઉદય ભાવથી ઉદાસીનપણે રહે છે, ત્રણ મનોરથ ચિંતવે છે.**

૩. યોગ આત્માનું સ્વરૂપ સમજાવો.

**જ. જ્યારે આત્મા મન, વચન, કાયાનો વ્યાપાર કરે ત્યારે યોગ આત્મા કહેવાય. આત્મા જ્યારે યોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે પ્રદેશ બંધ અને પ્રકૃતિ બંધ થાય છે અને તેમાં જીવના કષાયરૂપ પરિણામ જેટલા થાય તે પ્રમાણે સ્થિતિ બંધ અને રસ બંધ થાય છે.**

૪. વીર્ય આત્મામાં આવતા શબ્દો અને અર્થ લખો.

**જ. ઉત્થાન – ઊઠવું, કર્મ – ક્રિયા કરવી, બળ – શારીરિક શક્તિ, વીર્ય – આત્માનું વીર્ય, પુરુષાકાર – કામ કરવાનો ઉત્સાહ.**

૫. ધર્મ જાગરિકાના કેટલા અને કયા ભેદ છે? આચાર ધર્મના કેટલા ભેદ છે?

**જ. ધર્મ જાગરિકાના ચાર ભેદ ૧) આચાર ધર્મ, ૨) ક્રિયા ધર્મ ૩) દયા ધર્મ ૪) સ્વભાવ ધર્મ. આચાર ધર્મના પાંચ ભેદ છે.**

**(૧૦)**

**પ્ર.૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કીડી, વીજળી, સ્ત્રી રત્ન અને દેવને કઈ કઈ યોનિ હોય? **(૪)**

**જ. કીડી – શીત યોનિ, ઉષ્ણ યોનિ, શીતોષ્ણ યોનિ, સચેત, અચેત, મિશ્ર, વિયડા.**
**વીજળી – ઉષ્ણ યોનિ, સચેત, અચેત, મિશ્ર, સંવુડા.**
**સ્ત્રી રત્ન – શીતોષ્ણ યોનિ, મિશ્ર યોનિ, સંવુડાવિયડા યોનિ, શંખાવર્ત.**
**દેવ – શીતોષ્ણ યોનિ, અચેત યોનિ, સંવુડા યોનિ.**

૨. શીત આદિ યોનિનો અલ્પ બહુત્વ લખો. **(૨×૩)**

**જ. સર્વથી થોડા શીતોષ્ણયોનિયા (અસંખ્યાત), તેથી ઉષ્ણ યોનિયા અસં.ગુણ, તેથી અયોનિયા અનંતગુણ તેથી શીત યોનિયા અનંતગુણ.**

૩. જેની સમુદ્ઘાત લોકના અસંખ્યાતમા ભાગમાં હોય તેનું સ્વસ્થાન ક્યાં હોય? તેમાં જીવના ભેદ કેટલા? કયા?

**જ. જેની સમુદ્‌ઘાત લોકના અસંખ્યાતમા ભાગમાં હોય તેનું સ્વસ્થાન મનુષ્ય લોક, લોકના ઘણા અસંખ્યાતમા ભાગમાં, લોકના અસંખ્યાતમા ભાગમાં. તેમાં જીવના ભેદ ૪૨ ભેદ. બાદર તેઉકાયનો પર્યાપ્યા, બાદર પૃથ્વીકાય, અપકાયના પર્યાપ્તા બે ભેદ તથા ૧૯ દંડકના અપર્યાપ્તા અને પર્યાપ્તા = ૩૮ ભેદ.**

૪. જેનું સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં હોય તેનો ઉપપાત અને સમુદ્‌ઘાત લખો.

**જ. જેનું સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં હોય તેનો ઉપપાત સંપૂર્ણ લોકમાં અને લોકના અસંખ્યાતમા ભાગ હોય અને સમુદ્‌ઘાત સંપૂર્ણ લોકમાં અને લોકના અસંખ્યાતમા હોય.**

**જય – જિનેન્દ્ર**